# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૦ તા.૩૦-૧૨-૧૭

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે તેમજ ૧૦૦% નામાંકન, ૧૦૦% કન્યા કેળવણીના ધ્યેયને સિદ્ધ કરવા માટે,ધો-૮ સુધીનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલા બાળકોનો પુન:પ્રવેશ કરાવવા માટે દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ માટે સ્કૂલ બોર્ડે આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯માં ધો.૧માં પ્રવેશ પાત્ર બાળકોનું ૧૦૦% નામાંકન થાય, અધવચ્ચે અભ્યાસ છોડીને ગયેલ વિદ્યાર્થીઓનો પુનઃ પ્રવેશ થાય અને સાથે સાથે પૂર્વ પ્રાથમિક વર્ગમાં પ્રવેશ પાત્ર બાળકોનું પણ નામાંકન થાય તે માટે સર્વે જરૂરી છે. તેથી સવારપાળી તેમજ બપોરપાળીની તમામ શાળાઓના મુખ્ય શિક્ષક સહિતના તમામ શિક્ષકોને પૂર્વ પ્રાથમિકમાં પ્રવેશપાત્ર બાળકોનાં, ધો.૧માં પ્રવેશપાત્ર બાળકોના સર્વે તેમજ પુનઃ પ્રવેશ માટેનાં 'આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન' બાળકોના સર્વે તેમજ નામાંકનની કામગીરી ઝુંબેશ સ્વરૂપે તા.૩૧-૩-૧૮ સુધીમાં કરવા જણાવવામાં આવે છે.

બપોરપાળીની શાળાના શિક્ષકો શાળા શરૂ થતા પહેલાં ૧૧-૦૦ કલાકે પોતાની શાળાના આસપાસના પોકેટ-ફીડીંગ એરીયામાં જઈ સર્વે-નામાંકનની કામગીરી કરશે. સવારપાળીની શાળાના શિક્ષકો શાળા સમય બાદ પોતાની શાળાના આસપાસના પોકેટ-ફીડીંગ એરીયામાં જઈ સર્વે-નામાંકનની કામગીરી કરશે. રોજે રોજ શિક્ષકોએ સર્વે-નામાંકનના આંકડા પોતાના મુખ્ય શિક્ષકને નોંધાવવાના રહેશે. મુખ્ય શિક્ષકે રજીસ્ટરમાં સર્વે-નામાંકનની સંખ્યા શિક્ષકદીઠ નોંધવી.

સર્વે-નામાંકનની કામગીરી માટે નીચેની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

- એક-જ બિલ્ડીંગમાં બેસતી શાળાના મુખ્યશિક્ષકોએ તમામ પોકેટ એરીયા, ફીડીંગ એરીયાની યાદી સુપરવાઈઝરશ્રી તથા સી.આર.સી.કો-ઓર્ડિનેટર સાથે રહી બનાવવી. તમામ શિક્ષકોને બબ્બેની જોડીમાં એરીયા ફાળવી દેવાના રહેશે. જેની એક નકલ સુપરવાઈઝરશ્રી તથા સી.આર.સી.કો-ઓર્ડિનેટરે પોતાની પાસે રાખવાની રહેશે. આ કામગીરી દરમ્યાન પાસ-પાસે આવેલ શાળાઓના પોકેટ એરીયાનું ડુપ્લીકેશન ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.
- સર્વે-નામાંકન થયેલ બાળકોની નોંધ માટે મુખ્ય શિક્ષકે એક 'નવીન પ્રવેશ સર્વે રજીસ્ટર' નિભાવવાનું રહેશે, જેમાં રોજે-રોજ શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓના નામ,સરનામું તથા સંખ્યા મેળવી તેની નોંધ કરી તારીખ દર્શાવવાની રહેશે.
- તા.૩૧-૫-૧૮ સુધીમાં પાંચ વર્ષ પૂર્ણ થતા હોય તેવા બાળકોને સર્વેમાં આવરી લેવાના રહેશે અને તેમના વાલી ફોર્મ ભરી તે બાળકનું એડમીશન શાળામાં થઈ ગયું છે તેવી જાણ તે જ સ્થળે વાલીને કરવાની રહેશે.
- તમારી શાળામાં એડમીશન મેળવેલ બાળકોની યાદી નીચે મુજબનાં કોલમમાં બનાવી તેની ઝેરોક્ષ નકલ તમારા વોર્ડમાં ધો.૧ ધરાવતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ તરફ તા.૧૫-૧-૧૮ થી શરૂ કરી દર ૧૫ દિવસનાં અંતે ફરજિયાત મોકલી આપવાની રહેશે, જેથી બાળકોનું ડુપ્લીકેશન ટાળી શકાય.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સરનામું | જન્મ તારીખ | તમારી શાળામાં પ્રવેશ મેળવ્યા તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

- સર્વે દરમ્યાન ધો.૧માં પ્રવેશ પાત્ર કન્યાઓ પૈકી બી.પી.એલ. કાર્ડ ધારક કન્યાઓના નામ, સરનામા તેમજ બી.પી.એલ. કાર્ડની ઝેરોક્ષ મેળવી લેવાની રહેશે.
- સર્વે દરમ્યાન શિક્ષકોએ પોતાની શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને તેમના પાલ્યને નિયમિત શાળામાં મોકલવા અંગે તેમજ તેમના અભ્યાસ અંગેની પણ વાતચીત કરવી.
- સર્વે/નામાંકનની માહિતી તા.૧૫-૧-૨૦૧૮, તા.૩૧-૧-૨૦૧૮, તા.૧૫-૨-૨૦૧૮, ૨૮-૨-૧૮,૧૫-૩-૨૦૧૮ અને તા.૩૧-૩-૧૮ ના રોજ તમારા બીટ સુપરવાઈઝરશ્રીને નીચે મુજબના પત્રકમાં મોકલવાની રહેશે.
- પત્રક નં.૪ આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન (૬ થી ૧૪ વર્ષના શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ તથા ક્યારેય શાળાએ ન ગયેલા વિદ્યાર્થીઓ)નો સર્વે કરી તા.૧૦-૧-૧૮ સુધી માહિતી બીટ નિરીક્ષકશ્રીને આપી દેશો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પત્રક-૧

| ક્રમ | શાળાનું નામ | કુમાર | કન્યા | કુલ | તે પૈકી દિવ્યાંગ બાળકો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુમાર | કન્યા | કુલ |
| | | | | | | | |

**પુનઃ પ્રવેશની માહિતી**

પત્રક - ૨

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થી કયા ધોરણમાંથી ઉઠી ગયેલ છે ? | વિદ્યાર્થી કયા વર્ષમાં ઉઠી ગયેલ હતો. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |

**પૂર્વ પ્રાથમિક વર્ગની માહિતી**

પત્રક-૩

| પૂર્વ પ્રાથમિક વર્ગમાં દાખલ થવા પાત્ર વિદ્યાર્થી સંખ્યા | | |
|---|---|---|
| કુમાર | કન્યા | કુલ |

**આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રન (૬ થી ૧૪ વર્ષના શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ તથા ક્યારેય શાળાએ ન ગયેલા વિદ્યાર્થીઓ)**

પત્રક-૪

| ક્રમ | આઉટ ઓફ સ્કૂલ ચિલ્ડ્રનનું નામ | વિદ્યાર્થીની ઉંમર | જન્મ તારીખ/ સરનામું | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

આગામી શૈક્ષણિક વર્ષમાં ૬ થી ૧૪ના તમામ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તે હેતુથી આ સર્વેની કામગીરીનું દરેક શાળાએ વ્યવસ્થિત આયોજન કરી ગંભીરતાથી સર્વેની કામગીરી કરવાની રહેશે, જેની નોંધ લેશો.

તા.૩૦-૧૨-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી